# ધાનેરાના લવારા ગામ પાસે કમાન્ડર જીપ વચ્ચે નીલગાય આવી જતા અકસ્માત

ધાનેરા તાલુકાના લવારા ગામ પાસે કમાન્ડર જીપ વચ્ચે નીલગાય આવી જતા અકસ્માત સર્જાતા જીપમાં બેઠેલા ૧૫ મુસાફરોને ઈજા થતા સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ધાનેરા વિસ્તારમાં જાણે યમરાજાએ ધામ નાખ્યા હોય તેમ એક બાદ એક અકસ્માત સર્જાય છે બે દિવસ માં ત્રણ અકસ્માત સર્જાયા જેમાં એક વ્યક્તિ નું મોત નીપજ્યું છે તો ૨૦થી પણ વધુ લોકો ઘાયલ થયા છે આજે પણ વહેલી સવારે એક કમાન્ડર જીપ નેનવા થી ધાનેરા તરફ આવી રહી હતી તે સમય દરમ્યાન લવારા ગામ પાસે રસ્તા વચ્ચે અચાનક નીલગાય આવી જતા અકસ્માત સર્જાયો હતો અને કમાન્ડર જીપ માં બેઠેલા ૧૫ થી પણ વધુ લોકોને ગંભીર ઈજા થવા પામી હતી લોકો ધ્વરા ધાનેરા ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના ઈ એમ ટી ભગવાનભાઈ દેસાઈ અને પાયલોટ રજનીકાંત રાવલ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ઘાયલોને સારવાર અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા ધાનેરા રેફરલ હોસ્પિટલ ના ડોક્ટર મિતેષ ડાભી ઘાયલોને પ્રાથમિક સારવાર આપી હતી અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને વધુ સારવાર અર્થે આગળ રીફર કાર્ય હતા.

ઘાયલોના નામ (૧) પનાભાઈ ભુરાભાઈ પ્રજાપતિ ઉ.વ૫૦ રહે વીંછીવાડી (૨) ઈશ્વરભાઈ ભગવાનભાઈ ઠાકોર ઉ.વ૪૫ ભલાસરા (૩) હમીરભાઈ ગણેશભાઈ ગવરીયા ઉ.વ૩૪ નેનવા (૪) જીકાબેન ઈશાજી ઠાકોર ઉ.વ૧૦ ભલાસરા (૫) પવણબેન ઈશાજી ઠાકોર-ભલાસરા (૬) પીનાબેન ભલાભાઈ ઠાકોર ઉ.વ૨૫ ભલાસરા (૭) જયરામભાઈ કાચબાભાઈ રબારી ઉ.વ૬૦ બાડમેર (૮) સુરેશભાઈ લુધરજી જીનગર ઈ.વ૨૮ જોધપુર (૯) વિમળાબેન સુરેશભાઈ જીનગર ઉ.વ૨૫ જોધપુર.



## મોડાસાના મદાપુર પાસે ૭.૬૯ કરોડના દારૂના જથ્થાનો નાશ કરાયો

અરવલ્લી જિલ્લામાં શામળાજી પોલીસ મથકે પ્રોહીબીશનના ગુનાઓમાં વર્ષ ૨૦૧૬ દરમિયાન અધિકારીઓએ ઝડપાયેલ વિદેશી દારૂના રૂ. ૭.૬૯ કરોડના જથ્થાનો આજે પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં મદાપુર પાસેના ખુલ્લા મેદાનમાં રોલર પેરવી નાશ કરવામાં આવ્યો હતો. શામળાજી અને આસપાસના વિસ્તારોમાંથી વિદેશી દારૂની હેરાફેરીના કેસોમાં ઝડપાયેલ દારૂના જથ્થાનો આજે મદાપુર પાસેના ખુલ્લા મેદાનમાં અધિકારીઓની ઉપસ્થિતિમાં નાશ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦ જેટલા મજૂરોની મદદ લઈ આ જથ્થાને મેદાનમાં પાથરી દઈ તેના ઉપર રોલર ફેરવી નખાયુ હતુ. પ્રાંત અધિકારી, ડીવાઈએસપી, ચાર પીએસઆઈ અને ૧ પીઆઈની હાજરીમાં આ વિદેશી દારૂના જથ્થાનો નાશ કરાયો હતો.

# મેઢાસણના યુવાનના મોતથી માતમ

મોડાસા, તા. ૧૯

મોડાસા તાલુકાના મેઢાસણ ગામના વતની પ્રણામી પ્રિયવદન રામજીભાઈ (ઉં.વ.૩૦)નું હાર્ટએટેકથી મોત થતા પંથકમાં માતમ છવાઈ ગયો હતો. મોડાસા તાલુકાના મેઢાસણ ગામના વતની અને હિંમતનગર ખાતે રહેતો પ્રિયવદન નામનો યુવાન હિંમતનગર નજીક આવેલ એશિયન ટાઈલ્સમાં નોકરી કરતો હતો. રવિવારે સવારે નોકરી પરથી પરત ફરતો હતો ત્યારે યુવાનને છાતીમાં અચાનક દુ:ખાવો ઉપડ્યો હતો. જેના લીધે ગાડી પરથી કાબુ ગુમાવ્યો હતો. પરંતુ નજીક બેસેલા યુવાનના મિત્રએ ગાડીને કાબુ કરી બાજુ કરી દીધી હતી. યુવાનના મિત્રએ ગાડી બાજુ કરી



તાત્કાલિક ૧૦૮ને ફોન કરી જાણ કરી હતી. પરંતુ ૧૦૮ આવે તે પહેલા જ યુવાનનું મોત નિપજ્યું હતું. યુવાનના મિત્રએ પરીવારને જાણ કરતાં યુવાનના પરીવારજનો અને સગાસંબંધીઓ દોડી આવ્યા હતા. પ્રણામી સમાજના આશાસ્પદ યુવાનના મોતના સમાચાર વાયુવેગે ફેલાતા મેઢાસણ પંથકમાંથી લોકો દોડી આવ્યા હતા. પરીવારજનોના આક્રંદથી વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી.

# શિરવાડાની શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શિતલ કંપની દ્વારા ચેક અર્પણ

શિહોરી, તા. ૧૯

કાંકરેજના શિરવાડા ગામની પ્રાથમિક શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શિતલ કંપની દ્વારા રૂ. ૧૧,૦૦૦નું રોકડ સહાય આપવામાં આવી હતી. પ્રા.લી. કંપની દ્વારા આ અભિયાનમાં સહભાગી બની બાળકોને પ્રોત્સાહિત કરવા રૂ. ૧૧,૦૦૦નું યોગદાન ચેક સ્વરૂપે આપવામાં આવ્યું હતું.

ઉપરાંત શાળાના બાળકોને સ્વચ્છ અભિયાનની જન જાગૃતિ




દેશમાં ચાલી રહેલા સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક બનાવવા શિરવાડા ગામની પ્રાથમિક શાળા છેલ્લા ઘણા સમયથી સ્વચ્છતાને પ્રાધાન્ય આપી સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. શાળાની આ કામગીરીને બિરદાવતા શિતલ માટે માહિતી પણ આપવામાં આવી હતી. આ સમયે ગામના સરપંચ હરિભાઈ જોષી, ગાંડાભાઈ જોષી, પ્રહલાદભાઈ જોષી, સોમાલાલ જોષી સહિતના આગેવાનો તેમજ શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.



## નિલગાય આડે આવતા મારૂતિવાન ચોકડીમાં

શિહોરી-દિયોદર હાઈવે પર આવેલા આકોલી ગામ પાસે અમદાવાદ તરફથી આવતી મારૂતી વાન સામે માર્ગ પર નિલગાય ધડાકેભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો જેથી વાન ફંગોળાઈ રોડની બાજુમાં ચોકડીમાં જઈ ખાબકી હતી. જો કે અકસ્માતમાં નિલગાયનું મોત થયું હતું. શિહોરી-દિયોદર માર્ગ પર આકોલી ગામ પાસે અમદાવાદ તરફથી મારૂતીવાન નં. જીજે.૦૧. એમએચ. ૩૭૮૫ પસાર થઈ રહી હતી. આ દરમિયાન આ વાન આગળ અચાનક જ નિલગાય ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં મારૂતિવાન ફંગોળાઈ માર્ગ પાસેની ચોકડીમાં ખાબકી ગઈ હતી. જ્યારે નિલગાયનું મોત થવા પામ્યુ હતુ. જો કે અકસ્માતમાં કારચાલકનો આબાદ બચાવ થવા પામ્યો હતો.

# અરવલ્લીના અંતરિયાળ માર્ગ પરના ગામોને જોડતા રોડના રીનોવેશન માટે ૧૪ કરોડ ફળવાયા

**જિલ્લા ભાજપ પ્રમુખની રજૂઆતથી મંજૂર થયેલ ૨૭.૫૦ કિ.મી.ના આ રોડની ટેન્ડર પ્રક્રિયા ટુંક સમયમાં હાથ ધરાશે**

મોડાસા, તા. ૧૯

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લા અંતરિયાળ ગામડાઓને જોડતા હિંમતનગરથી ભિલોડાના માર્ગના નવીનીકરણ માટે રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ રૂ. ૧૪ કરોડની માતબર રકમ મંજૂર કરતાં ટુંક સમયમાં જ ૨૭.૫૦ કિ.મી.ના આ રોડ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

ભિલોડાથી હિંમતનગર સુધીના ઉબડખાબડ માર્ગને કારણે બંને જિલ્લાના રહીશો અને વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોઈ આ સમસ્યાના નિવારણ માટે અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ દીવ-દમણના પ્રશાસક અને પૂર્વ મંત્રી પ્રફુલભાઈ પટેલ સમક્ષ આ પ્રશ્ને ધારદાર રજૂઆત કરી હતી. જેના ફળસ્વરૂપે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે રૂ. ૧૪ કરોડની માતબર રકમ મંજૂર કરતાં ટુંક સમયમાં જ આ અંગેની ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ થતાં જ કામ હાથ ધરાશે.

૨૭.૫૦ કિ.મી.ના આ માર્ગ ઉપર આવતા ભિલોડા અને હિંમતનગરના ગામોને સુવ્યવસ્થિત નવો માર્ગ મળી રહે તે માટે રૂ. ૧૪ કરોડની આ રકમમાં પેવરકામ, નવુ સ્ટ્રક્ચર, રોડ વાઈડનીંગ, પ્રોટેક્શન વોલ, પ્રોફાઈલ ફરેક્શન, રોડ સાઈડ ગટર અને રોડ ફીનીસીંગ સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. બંને જિલ્લાના ભિલોડા અને હિંમતનગર તાલુકાઓના ગામડાઓની જનતાએ નાયબ મુખ્યમંત્રી તેમજ દીવ-દમણના પ્રશાસક પ્રફુલભાઈ પટેલનો આભાર માને છે.




## ધાનેરાની નેનવા ચેક પોસ્ટ પરથી બાઈક સાથે બાઈક ચોર ઝડપાયો

ધાનેરા પોલીસે પાલનપુર થી બાઈક ચોરીને ભાગતા ઈસમને નેનવા ચેક પોસ્ટ પરથી બાઈક સાથે ઝડપી અન્ય સાથીદારો ને પકડવા માટે ચક્રો ગતિમાન કાર્ય છે. ધાનેરા પી..આઈ આર.કે પાઠક, નેનવા ચેકપોસ્ટ ના પ્રકાશભાઈ રબારી તેમજ ધાનેરા પોલીસ સ્ટાફ નેનેવા ચેકપોસ્ટ પાર વાહન ચેકીંગ માં હતી તે દરમાંય ધાનેરા તરફ થી બાઈક લઈ આવી રહેલા એક ઈસમ ને ઉભો રાખી પૂછપરછ કરતા તે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો અને પોલીસ ધ્વરા તેને ધાનેરા પોલીસ મથકે લાવી પૂછપરછ કરતા તેને કબુલ્યું હતું કે આ બાઈક તેને પાલનપુર થી ચોરીને લઈ જતો હોવાનું કબુલ્યું હતું ધાનેરા પોલીસે રાજેસ્થાનના બાડમેર જિલ્લાના અલીમખાન મહંમદખાન મુસ્લા નામના ઈસમની અટકાયત કરી તેના અન્ય સાથીદારો ને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે

# પ્રાંતિજના ખારી અમરાપુર ગામે જમીનમાંથી પૌરાણિક મૂર્તિ મળી

પ્રાંતિજ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ખારી અમરાપુર ગામે ખોદકામ દરમ્યાન વર્ષો જુની લેખ લખેલ મૂર્તિ મળી આવતાં વાયુવેગે સમાચાર પ્રસરી જતાં ગ્રામજનો તથા આજુબાજુના લોકો મૂર્તિ જોવાં સ્થળ ઉપર દોડી આવ્યા હતા.

હતું અને ધીમે- ધીમે ખોદકામ કરતાં અંદરથી લેખ લખેલી મૂર્તિ મળી આવી હતી જયારે મૂર્તિ ઉપર લખેલ લખાણ વર્ષો પહેલાં ચાલતી ભાષાનું હોવાથી કંઇ જાણી શકાયું નથી. જયારે મૂર્તિ મળ્યાના સમાચાર વાયુવેગે ગામમાં વહેતાં થતાં અમરાપુરના ગ્રામજનો તથા



પ્રાંતિજના ખારી અમરાપુર ગામે નરેગા યોજનાને લઈને ખોદકામ ચાલી રહ્યું છે અને ખોદકામ દરમ્યાન એકદમ મજુર દ્વારા ત્રિકમ પાછો પડતાં અને કડક વસ્તુ સાથે અથડાતાં મજુર દ્વારા તપાસ કરતાં જુનાં પથ્થર જેવું દેખાયુ આજુબાજુમાં રહેતાં લોકો ખોદકામના સ્થળ ઉપર દોડી આવ્યા હતા. જયારે સરપંચ વિશાળસિંહ રાઠોડ તથા તલાટી પંકજભાઈ પટેલ પણ સ્થળ ઉપર દોડી આવ્યા હતા અને આ અંગે તંત્રમાં જાણ કરવામાં આવી છે.

# અમદાવાદ : ૧૭ દિવસમાં જ ઝાડા-ઉલ્ટીના ૨૮૨ કેસ

અમદાવાદ, તા.૧૯

અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતના ૧૭ દિવસની અંદર મચ્છરજન્ય રોગોની સાથે પાણીજન્ય એવા ઝાડા-ઉલ્ટીના ૨૮૨ કેસ તેમજ ટાઈફોઈડના ૧૨૩ કેસ નોંધાતા હેલ્થ વિભાગ હરકતમાં આવ્યું છે.આ મોસમમાં સામાન્ય રીતે મચ્છરજન્ય એવા રોગના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળતો હોય છે.આમછતાં આ મહીનાની શરૂઆતના જ દિવસોમાં ઝાડા-ઉલ્ટી,ટાઈફોઈડ અને કમળાના કેસોની વધેલી સંખ્યા પાછળ પ્રદુષિત પાણી જવાબદાર હોવાનુંમાનવામાંઆવી રહ્યું છે. આ અંગે મળતી માહીતી અનુસાર,શહેરમાં હજુ શિયાળાની ઋતુ બરોબર જામતી હોય એવું અનુભવાઈ રહ્યું નથી. આમછતાં પણ શહેરમાં મચ્છરજન્ય રોગ જેવા કે સાદો મેલેરીયા,ઝેરી મેલેરીયા, ચીકનગુનિયા અને ડેન્ગ્યુ જેવા રોગના દર્દીઓની સંખ્યામાં નિરંતર વધારો થઈ રહેલો જોવા મળી રહ્યો છે. મ્યુનિસિપલ હેલ્થ વિભાગના દાવા અનુસાર શહેરમાં ડીસેમ્બર મહીનાના પ્રથમ ૧૭ દિવસની અંદર સાદા મેલેરીયાના ૮૬ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.તો આ સાથે જ ઝેરી મેલેરીયાના પણ આ સમયગાળામાં ૫૫ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.

હાલ મોટાભાગના શહેરના લોકો અને તેમના પરીવારોને જેની સૌથી વધુ ચિંતા સતાવી રહી છે તેવા ચીકનગુનીયાના ૧૭ દિવસની અંદર ૫૯ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.જયારે હેલ્થ વિભાગના સત્તાવારસૂત્રો તરફથી મળતી માહીતી અનુસાર, છેલ્લા ત્રણ મહીનાની અંદર અમદાવાદ શહેરમાં ચીકનગુનીયાના કુલ મળીને ૨૪૦ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.આ સાથે જ ડેન્ગ્યુના ડીસેમ્બર મહીનાના ૧૭ દિવસની અંદર કુલ ૫૦ જેટલા કેસ નોંધાવા પામ્યા છે.મ્યુનિસિપલ હેલ્થ વિભાગ માટે ડીસેંબર મહીનાની અંદર પાણીજન્ય એવા ઝાડા-ઉલ્ટીના નોધાયેલા કેસ છે.



પાલનપુર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ જગ્યાએ પાર્ક કરેલા બાઈકોની ઉઠાંતરીના બનાવો ચિંતાજનક હદે વધી જવા પામ્યા હતા. જેના પગલે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરે એલસીબી સહિત શહેર પોલીસ તથા પોલીસની અન્ય ટીમો બનાવી વાહનચોર આરોપીઓને ઝડપી લેવા તાકીદ કરતા આજે શહેર પોલીસ અને એલસીબીની ટીમે પાલનપુરના ધનીયાણા ચોકડી પાસે વોચમાં રહી ત્રણ શકમંદો (૧) અરવિંદ જોતાભાઈ પ્રજાપતિ (૨) અક્ષય પંચાલ સહિત અન્ય એકને ઝડપી લઈ કડક પૂછપરછ કરતા તેમણે પાલનપુરમાંથી દસ બાઈક ચોરી હોવાની કબુલાત કરતા પોલીસે ચોરેલી દસ બાઈકો કબજે લઈ મુખ્ય આરોપી સિકંદરખાન રાધનખાન સિપાઈ રહે. મોરીયા વાળાને પકડવા ચક્રોગતિમાન કર્યા છે. આરોપીઓ બનાસકાંઠાના નામચીન ગુનેગાર હોવાથી વધુ ગુનાઓના ભેદ ઉકેલાય તેવી પોલીસે સંભાવના વ્યક્ત કરી હતી.

# પ્રશ્ન ન ઉકેલાય તો કાંકરિયા કાર્નિવલ સમયે ઉગ્ર દેખાવો

આગામી ૨૫મી ડીસેમ્બરથી શહેરના કાંકરીયા ખાતે સાત દિવ માટે કાર્નિવલનો આરંભ થવા જઈ રહ્યો છે તેવા સમયે મ્યુનિ.કર્મચારી સંઘર્ષ સમિતિ દ્વારા કામદારોને કાયમી કરવા સહીતના પડતર પ્રશ્નો ઉકેલવા મ્યુનિ.તંત્રના અધિકારીઓને માત્ર એક દિવસનો સમય આપવાની સાથે ચેતવણી પણ આપવામાં આવી છે કે,આ પ્રશ્નો ઉકેલવામાં તંત્ર જો નિષ્ફળ રહેશે તો કાર્નિવલ સમયે ઉગ્ર દેખાવો કરવામાં આવશે.આ અંગે મ્યુનિ.કર્મચારી સંઘર્ષ સમિતિ તરફથી જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે,સ્ટેન્ડીંગ કમિટીમાં ૭૦૦૦ જેટલા કામદારોનને કાયમી કરવા અંગેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.આમછતાં પણ એનો અમલ કરવામાં આવ્યો નથી.આ ઉપરાંત ઘરભાડુ ચુકવવામાં આવ્યું નથી.આસીસ્ટન્ટ કમિશનર અને ડેપ્યુટી કમિશનરની જગ્યા ભરવા ,લીંક વર્કર,આંગણવાડીઓના કર્મચારીઓને પુરા પગારથી નોકરી આપવા સહીતની ૩૦ જેટલી માગણીઓ ઘણાં સમયથી પેન્ડિંગ રાખવામાં આવી રહી છે.કોર્પોરેટરોના ભથ્થા વધારવાના નિર્ણયની સાથે સેલફોન આપવા,લેપટોપ આપવા સહીતના ખોટા ખર્ચ કરવામાં આવી રહ્યા છે.પરંતુ કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે અનેક વખત મૌખિક અને લેખિત રજુઆતો કરવામાં આવી હોવાછતાં કોઈ નિરાકરણ લાવવવામાં આવ્યું નથી.

# ગડાદર ગામમાં સત્સંગ મેળાવડો યોજાયો

ભિલોડા,તા.૧૯

ભિલોડા તાલુકાના ગડાદર ગામમાં સત્સંગ મેળાવડો યોજાયો હતો.ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.પરમ પુજ્ય સંત શિરોમણી રામજીબાપાએ ભાવિક ભક્તોને સત્સંગ મેળાવડા દરમ્યાન ભક્તિમય રસપાન કરાવ્યું હતું.સોમાભાઈ ધુળાભાઈ પટેલ અને સેવાભાવી ભાવિક ભક્તોએ સત્સંગ મેળાવડો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.ભાવિક ભક્તોએ દર્શનનો લાભ મેળવી મહાપ્રસાદીનો લ્હાવો લીધો હતો.

નૂતન વર્ષાભિનંદન

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા

જિલ્લો - બનાસકાંઠા - ફોન નં. ૨૨૨૦૩૮/૨૨૨૪૩૩

સ્થાપના : ૧/૯/૧૯૬૦

ઈ-મેલ - apmcdhanera@gmail.com

Web : www.apmcdhanera.com

ખુલ્લી હરાજી.... સાચો તોલ.... રોકડા નાણાં....

ખેડૂત ભાઈઓ પોતાની ખેત ઉત્પન્નનો માલ બજાર સમિતિ, ધાનેરામાં વેચવાનો આગ્રહ રાખો.

- મુખ્ય યાર્ડ ધાનેરા / સબ યાર્ડ ધાનેરા / પશુ સબયાર્ડ સામરવાડા
- સ્નેહ અને સહકારથી ભરેલો પરિવાર જ સૃષ્ટિનું સ્વર્ગ છે તેમ સમાજ સેવા અને માનવ સેવા સર્વ ધર્મોનો અર્ક છે.
- જીવનની દરેક પળ પ્રગતિની નવી તક લઈને આવે તેવી શુભેચ્છા સહ નવા વર્ષના સર્વે ખૂબ ખૂબ અભિનંદન....

ઉમાભાઈ એન. પટેલ — સેક્રેટરી
પહાડસિંહ જે. સોલંકી — વાઈસ ચેરમેન
ભગવાનભાઈ એચ. પટેલ — ચેરમેન

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી પટેલ નરેશભાઈ નથાભાઈ
શ્રી આકોલીયા મોહનભાઈ ઉકાભાઈ
શ્રી તુંવર રમેશભાઈ ભેરાજી
શ્રી ચૌધરી જોઈતાભાઈ હીરાભાઈ
શ્રી આંજણા ઈશ્વરભાઈ ગણેશભાઈ
શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સ.મં., પાલનપુર
શ્રી પટેલ દજાભાઈ પ્રેમાભાઈ
શ્રી આંજણા ભુરાભાઈ નથાભાઈ
શ્રી જિલ્લા ખેતી.અધિ.જિ.પં. પાલનપુર

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ધાનેરા, જિ. બનાસકાંઠા